# મોરારજીભાઈ અને આજના અતિથિ સુબ્રહ્મણીયમ સ્વામીના સંબંધો

-કેરસી દેબુ

આજે નવસારીમા ભૂતપૂર્વ વડાપ્રધાન ભારત રત્ન મોરારજી દેસાઈની ૧૨૫ વર્ષની જન્મજયંતિના ઉજવણીના ભાગરૂપે રાજયસભાના સાંસદ ડૉ. સુબ્રહ્મણીયમ સ્વામી “મોરારજી દેસાઈ વ્યાખ્યાન માળા” માં પ્રવચન આપવા પધારી રહ્યા છે ત્યારે શ્રી મોરારજી દેસાઈ અને સ્વામી વચ્ચેના કેટલાક સંબંધોની નોંધ લઈએ.

મોરારજીભાઈ અને સ્વામી વચ્ચે કોઈપણ પ્રકારની સામ્યતા ન હતી. ઉંમરમા મોટો તફાવત હતો. સિધ્ધાંતો એકબીજાથી વિરૂધ્ધ હતા. રીતિનીતિમા આસમાન જમીનનો ફરક હતો. આમ છતાં મોરારજી ભાઈના વડાપ્રધાન તરીકેના સમયમા મોરારજીભાઈના નિકટના સાથી તરીકે સ્વામી રહ્યા એ પણ એક ચમત્કાર ગણી શકાય!

ઈન્દીરાજીએ ૨૫ મી મે ૧૯૭૫ ના રોજ રાષ્ટ્રીય કટોકટીની જાહેરાત કરી તેની પૂર્વ સંધ્યાએ દિલ્હીના રામલીલા મેદાન ખાતે જંગી જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા જયપ્રકાશ નારાયણ, મોરારજી દેસાઈ, અટલ બિહારી વાજપાઈ, ચંદ્રશેખર, બીજુ પટનાયક, સુબ્રહ્મણીયમ સ્વામી સહિત વિરોધ પક્ષના અનેક રાજકારણીઓ હાજર હતા.

જયપ્રકાશ નારાયણે રેલીનું આયોજન કર્યું હતું. ‘રોશ એવન્યુ’ ખાતેથી રેલીમા જયપ્રકાશજીને લાવવાની જવાબદારી સુબ્રહ્મણીયમ સ્વામીને સોંપી હતી. સ્વામી ત્યારે ૩૫ વર્ષના યુવાન અને જનસંઘના રાજયસભાના સભ્ય તરીકે કાર્યરત હતા. જાહેર સભામા જયપ્રકાશજીએ “સંપૂર્ણ ક્રાંતિ” ની ઘોષણા કરી અને સુત્ર પોકાર્યું “સિંહાસન ખાલી કરો કે જનતા આઈ હૈ".

જયપ્રકાશજી વધુ પડતા ઉત્સાહમા પોલીસ અને મીલીટરીને સરકારના ગેરકાયદેસર હુકમો નહી માનવા હાંકલ કરી. અન્ય સભ્યોએ પણ આગ ઝરતા ભાષણો કર્યા.

રેલી પુરી થયા પછી ‘રોશ એવેન્યુ’ જયાં જયપ્રકાશજીનો મુકામ હતો ત્યાં મોડી સાંજે બધા નેતા ભેગા થવાના હતા અને ભોજનનો કાર્યક્રમ પણ રાખ્યો હતો.

એક પછી એક નેતાઓ ‘રોશ એવેન્યુ’ પહોંચી રહ્યા હતા. જયપ્રકાશ નારાયણ અને શ્રી મોરારજી દેસાઈ વચ્ચે ઉગ્ર વાદવિવાદ થયો. મોરારજી ભાઈએ જયપ્રકાશજીના ઉચ્ચારણો અંગે તેઓને ઠપકો આપ્યો. મોડી સાંજે સુબ્રહ્મણીયમ સ્વામી પધાર્યા અને જણાવ્યું કે “માર્શલ લૉ” ની તૈયારી થઈ રહી છે. હું જયાંથી આવ્યો ત્યાંથી અહીં સુધી હું છૂપી પોલીસીની હાજરી જોઈ રહ્યો છું. આ બંગલાની નજીકમા પણ પોલીસ ગોઠવાઈ ગઈ છે.

સ્વામીની વાતને ગંભીરતાથી લેવામા ન આવી અને ઈન્દીરાજી એવું પગલું ન ભરશે એવો દરેક નેતાઓએ અભિપ્રાય આપ્યો.

સ્વામીએ રોકડુ પરખાવ્યું કે, “તમે બધા અહીં ભોજન કરો હું તો આ ચાલ્યો”

મોડી રાત્રે ધરપકડનો દોર શરૂ થયો, મોરારજીભાઈ, વાજપાઈ, અડવાણીજી, ચંદ્રશેખર, પીલુ મોદી સહિત બધા અગ્રગણ્ય આગેવાનોની ધરપકડ થઈ અને “રાષ્ટ્રીય કટોકટી” ની જાહેરાત થઈ.

કટોકટી ઉઠી ગયા બાદ ફરી ચૂંટણી થઈ જેમા સંયુકત વિરોધ પક્ષ 'જનતા પક્ષ' ના નેજા હેઠળ વિજયને વર્યો. જયપ્રકાશ નારાયણે વડા પ્રધાન તરીકે ૮૦ વર્ષના મોરારજી દેસાઈની પ્રસ્તાવના કરી અને મોરારજી દેસાઈને વડાપ્રધાન બનાવવાનું નક્કી થયું. આમ મોરારજી ભાઈનું વડાપ્રધાન બનવાનું સ્વપ્નું ૮૦ વર્ષની ઉંમરે સાર્થક થયું.

પ્રધાનમંડળની રચનામા અનેક વિધ્નો આવ્યા. જુદા જુદા પક્ષોનો શંભુમેળો હોવાથી બધાને સંતોષ આપવાનો હતો. પત્રકારો મોરારજીનો ઈન્ટરવ્યુ લઈ રહ્યા હતા. પ્રધાનમંડળમા કોને કોને સ્થાન મળશે એવી પૂર્છા કરી ત્યારે મોરારજીએ જવાબ આપ્યો કે "પ્રથમ હરોળના તમામ નેતાઓનો સમાવેશ થશે." એક પત્રકારે સુબ્રહ્મણીયમ સ્વામી માટે પૂછયું ત્યારે મોરારજીએ કહ્યું કે "સ્વામી પ્રથમ હરોળના નેતા નથી અને કટોકટીમા ભાગેડુ હતા".

બસ, અહીં સ્વામીનો રોષ મોરારજી પ્રત્યે હતો. સ્વામીએ જવાબ આપ્યો "મોરારજીની વાત સાચી છે. હું ૮૦ વર્ષનો નથી. પ્રધાન મંડળમા સામેલ થવા માટે વૃધ્ધાવસ્થા જરૂરી છે."

હવે ગુસ્સે થવાનો વારો મોરારજીનો હતો પરંતુ મોરારજીએ સ્વામીને મળવા બોલાવ્યા. બંનેએ પોતાના વિચારો રજુ કર્યા અને પોતાના વિધાનો અંગે ખેદ વ્યકત કર્યો.

મોરારજીએ સ્વામી માટે વાપરેલા શબ્દો માટે અને સ્વામીએ મોરારજી વિષે વાપરેલા શબ્દો અંગે બંનેએ દીલગીરી વ્યકત કરી અને બંને મિત્ર બની ગયા. મોરારજીભાઈના મંત્રીમંડળમા સ્વામીને સ્થાન મળ્યું એટલું જ નહીં પરંતુ સ્વામીનો ઉપયોગ અનેક પ્રસંગે મોરારજીભાઈએ કર્યો.

વાજપાઈની અને સ્વામી વચ્ચે મનમેળ ન હતો અને અધુરામા પુરૂં મોરારજીભાઈ સ્વામીને કહ્યું કે પ્રધાનમંડળમા તમારો સમાવેશ કરવા સામે વાજપાઈજીને વાંધો હતો એટલે તમને કેબીનેટ કક્ષનું પ્રધાનપદ્દ આપી શકાયું નહીં. બીજી તરફ સ્વામી પણ વાજપાઈ વિરૂધ્ધ મોરારજીભાઈને કેટલીક અંગત માહિતી પહોંચાડતા. મદ્યપાન કરતા વાજપાઈને મોરારજી ભાઈએ ઠપકો પણ આપ્યો હતો. મોરારજીને સત્તા પરથી દુર કરવા ષદયંત્ર રચાઈ ગયું હતું. નવા વડાપ્રધાન તરીકે ચૌધરી ચરણસિંહને પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. પડદા પાછળની પ્રવૃતિઓથી મોરારજી અજ્ઞાન હતા પરંતુ સ્વામી મોરારજીભાઈને માહિતી પહોંચાડતા હતા. બધા કાવાદાવાથી વાજ આવી ગયેલા મોરારજીભાઈએ રાજીનામુ આપ્યું અને નિવૃતિની જાહેરાત કરી દીધી.

# માનનીય  મોરારજીભાઈ

**-કેરસી દેબુ**

તા.૨૯ મી ફેબ્રુઆરી ૨૦૨૦ ના રોજ મોરારજીભાઈની ૧૨૫ મી વર્ષગાંઠ નિમિત્તે મોરારજીના જન્મસ્થળ ભદેલીમા મોરારજીભાઈની પ્રતિમાનું અનાવરણ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીના વરદ હસ્તે થયું.

ભદેલી બે વિભાગમા વહેંચાયેલ ગામ છે. જે ભદેલી ‘દેસાઈ પાર્ટી’ અને ભડેલી ‘જગાલાલા’ તરીકે ઓળખાય છે. વલસાડથી લગભગ પાંચેક કિ.મી. દૂર ઔરંગા નદી કિનારે ભદેલી આવેલું છે. ભદેલી દેસાઈ પાર્ટીની વસ્તી હાલમા લગભગ ૧૨૦૦ જેટલી છે. જે પૈકી અનાવિલ દેસાઈ ઉપરાંત કોળી, આદિવાસી અને માછી કોમની વસ્તી છે. જે ગુજરાતની સરેરાશ સાક્ષરતા ૭૮ ટકા કરતા બે ટકા વધુ છે. સ્ત્રી પુરૂષનો રેસીયો પણ સરેરાશ કરતા વધુ છે. જે ભદેલીનું પ્લસ પોઈન્ટ કહેવાય.

ભદેલી ‘જગાલાલા’ હાલમા લગભગ ૧૦ હજારની વસ્તી ધરાવતું ગામ છે. અહીં પણ અનાવિલ ઉપરાંત માછી, ખારવા, આદિવાસીની વસ્તી છે. સાક્ષરતાનો આંક અહીં ૯૨ ટકા જેટલો છે. જે ગુજરાતના સરેરાશ આંક કરતા બહુ ઉંચો છે. હાલમાં ત્યાં પબ્લીક હેલ્થ સેન્ટર, પોલી ટેકનીક વિગેરે છે. પ્રાથમિક શાળા, હાઈસ્કૂલ સુધીના શિક્ષણની વ્યવસ્થા છે.

ભદેલી ઔરંગા નદીના કિનારે આવેલું હોવાથી વારંવાર રેલના પાણી ગામમા ફરી વળે. આ ગામની પ્રાથમિક શાળામા મોરારજીભાઈએ શિક્ષણ લીધું હતું અને બચપણ આ ભદેલી ગામમાં વિતાવ્યું હતું.

સો-સવાસો વર્ષ પહેલાંના ભદેલીની કલ્પના કરીએ તો ગામમા પ્રાથમિક સુવિધાઓનો અભાવ. નદી કિનારાના ગામ અને વલસાડને જોડતો પુલ ન હોવાથી ચોમાસામા વલસાડથી વિખુટા પડી જાય. દરિયાની નજીક હોવાથી પાણીમા ખારાશ આવે. ગામની સ્ત્રીઓએ દૂર સુધી પાણી ભરવા જવું પડે. આવી જ પરિસ્થિતિ બીજા ગામો લીલાપોર, કોસંબા વિગેરેમા પણ હતી.

રસ્તા તો માત્ર ગાડા વાટ કે ગઢેર જેવા, મેટલ કારપેટીંગ કરે તો પણ ખાબડખૂબડ અને કમ્મર તોડ. આ પરિસ્થિતિમા લોકો વરસો સુધી અગવડ ભોગવતા આવેલા.

૧૯૫૨ મા મોરારજીભાઈ મુંબઈ રાજયના મુખ્યમંત્રી બન્યા. ભદેલી ગામના લોકો સ્વાભાવિક રીતે ખુશ થાય. સાથે કેટલીક આશા પણ જન્મી. ગામનો વલસાડ સાથે જોડતો રસ્તો. બિસ્માર, ગામમા પીવાનું પાણી લેવા દુર દુર જવું પડે અને ગામમાં આવી સુવિધા મળવાની આશા બંધાઈ. ગામના આગેવાનોએ મોરારજીભાઈને ગામમા રસ્તો અને પાણીની સુવિધા ઉભી કરવા વિનંતિ પત્ર લખ્યો હતો. જેનો જવાબ મોરારજીભાઈએ એવો આપેલો કે હાલમા એવી કોઈ જોગવાઈ ન હોવાથી હાલમા આ અંગે હું કાંઈ કરી શકું તેમ નથી. યોગ્ય સમયે નિર્ણય કરવામાં આવશે.

થોડા સમય પછી મોરારજી પોતાના વતન વલસાડ પધાર્યા. ગામના લોકોમા સ્વાભાવિક ઉત્સાહ હતો. ગામના સરપંચ તરીકે આઝાદી સમયના સ્વતંત્રતા સેનાની કોસંબા – વલસાડના લીંબાભાઈ ટંડેલ હતા. માછી સમાજના આગેવાન લીંબાભાઈ માત્ર ચાર ચોપડી ભણેલા પરંતુ સારી કવિતા પણ લખી જાણતા હતા.

શાળાના પટાંગણમાં શામિયાનો ઉભો કરવામાં આવ્યો હતો. ગામના આગેવાનો ઉપરાંત વલસાડ તથા આજુબાજુના ગામના આગેવાનો પણ પધાર્યા હતા. સ્વાગર પ્રવચન લીંબાભાઈએ કરવાનું હતું. મોરારજીભાઈના માનમા લીંબાભાઈએ સરસ કવિતા રચી હતી. કવિતાના શબ્દો ભૂલાઈ ગયા છે પરંતુ ભાવાથે કંઈ આવો થતો હતો.

અમારા ગામના રસ્તા ખાબડખૂબડ અને ચાલનારની કમર તોડી નાંખે તેવા છે પણ મોરારજીભાઈ તમે ચિંતા ન કરશો તમને અમે ખભે બેસાડીને લાવીશું. ગામના કૂવામાં પાણી ખારાં મળે છે અને અમારી બહેનો પાંચ ગાઉ દૂરથી પીવાનું પાણી ભરી લાવે છે પણ મોરારજીભાઈ તમે ચિંતા ન કરશો અમે તમને મીઠું પાણી પાઈશું.

ગામમાં વીજળીના ધાંધિયા બહુ છે. કયારે આવે અને કયારે રિસાઈ જાય ખબર પડતી નથી. આજનો ધન્ય દિવસ તમારી સેવામા સવારથી વિજળી પણ ઉત્સાહભેર હાજર છે!

મોરારજીભાઈનું શાનદાર સ્વાગત થયું પરંતુ લીંબાભાઈના શબ્દો મોરારજીને બાણ જેવા લાગ્યા. મોરારજીએ પોતાના પ્રવચનમા સીધુ જ પરખાવ્યું. " હું માત્ર વલસાડ, ભદેલી કે કોસંબાનો વડાપ્રધાન નથી (તે સમયે મુખ્યમંત્રી વડાપ્રધાન તરીકે ઓળખાતા). મારે મને મુંબઈ રાજયના ચારસો ગામ એક સમાન છે. હું ભદેલીમાં જન્મેલો એટલે આ બધી સુવિધા તમને આપી દંઉ એવી અપેક્ષા નહી રાખશો. તમારા કરતા પછાત અને તમારા કરતા ઓછી સુવિધા ધરાવતા અનેક ગામો છે. જેને પહેલા પ્રાધાન્ય મળશે અને જયારે આ ગામનો નંબર આવશે ત્યારે જ મળશે. મારા તરફથી તમને વિશેષ પક્ષપાત નહી મળે. ગામના લોકો ધારે તો ફંડફાળા ભેગા કરીને આ કાર્ય કરી શકે છે.

મોરારજીભાઈના સુચન પ્રમાણે ગામલોકોએ ફંડફાળા ઉઘરાવી વારીગૃહ બનાવવાનું નક્કી કર્યું.

અનાવિલ સમાજ મુંબઈ દ્વારા પ્રકાશિત "માનવરત્ન : મોરારજી દેસાઈ" લેખક ડૉ. મોહનભાઈ પંચાલ પુસ્તકના પાના નં.ક પર નીચે પ્રમાણે વર્ણન વાંચવા મળે છે.

"ભદેલી ગામ ત્યારે પીવાના પાણીની ઝાઝી વિટંબણા ભોગવતું હતું. ગામના આગેવાનોએ ભેગા મળીને ગામમાં વારિગૃહ બાંધવાનો નિર્ણય કર્યો. તે માટે નાનામોટા ફંડફાળા એકત્રિત કરવાનું પણ નક્કી થયું. કોઈકે સૂચન કર્યું:

'સરકારમાં બેઠેલા મોરારજીભાઈને ટહેલ નાંખીએ તો સરકારમાંથી આપણને મોટી રકમ અપાવે.'

સૂચન સૌને ગમી ગયું. થોડા દિવસો પછી કેટલાક વગદાર માણસો મોરારજીભાઈને મળવા મુંબઈ ગયા. તેમની સમક્ષ ગામના વારિગૃહની યોજના રજુ કરી. તે માટે જરૂરી નાણાંની માંગણી પણ કરી. મોરારજીભાઈએ પ્રતિનિધિમંડળની વાત શાંતિથી સાંભળી.

જો સરકાર અમને નાણાંની સહાય કરે તો યોજના સાકાર થાય, એકે સ્પષ્ટ માંગણી કરી.

'તમારી યોજના અને માંગણી બંને બરોબર છે પણ બધાં ગામો આવી માંગણી કરે તો બધાંને સરકાર કેવી રીતે સંતોષી શકે? જો તમોને આપે તો, તે પક્ષપાત ગણાય અને તે મારા હાથે તો ન થાય ને?'

તેમની વાત સાંભળીને સૌ નિરાશ થઈ ગયા ત્યારે મોરારજીભાઈએ પ્રેમથી ઉમેર્યું :

"પણ હું પોતે મારા તરફથી તમારા એ કામમાં રૂપિયા એક હજાર આપીશ. મારી શક્તિ પ્રમાણે મારાથી આટલી રકમ આપી શકાશે. લખી લો, અને જોઈએ ત્યારે લઈ જજો!"

વાત પૂરી થઈ ગઈ એમ સમજીને પ્રતિનિધિમંડળે વિદાય લીધી.

ગમે તેમ પણ એ વારિગૃહ બંધાઈ ગયું ત્યારે તેનું ઉદ્દઘાટન કરવા માટે પેલા પ્રતિનિધિમંડળે મોરારજીભાઈને નિમંત્રણ આપ્યું, જે તેમણે સહર્ષ અને પ્રેમથી સ્વીકાર્યું.

આ મંગલ પ્રસંગે ગામમાં મોરારજીભાઈનું આગમન થનાર હોઈ, વિશાળ મંડપ બાંધવામાં આવ્યો. સુશોભન અને કમાનો પણ ઉભી કરવામાં આવી. કૂવા પર મૂકેલ પંપની મોટર ચાલુ કરીને મોરારજીભાઈએ વારિગૃહનું વિધિપૂર્વક ઉદ્દઘાટન કર્યું. જળધારા વહેવા લાગી.

પણ આ શું? મોરારજીભાઈની આંખમાંથી પણ અશ્રુબિંદુ ટપકવા લાગ્યાં. તે પછી ઉદ્દઘાટન પ્રવચન કરવા માટે મોરારજીભાઈ મંચ પર ઉભા થયા. અતિ મૃદુ અને મંદ સ્વરે સંબોધન કર્યા પછી તેમણે પોતાના ખિસ્સામાંથી એક હજાર રૂપિયાનો ચેક કાઢીને જવાબદાર માણસને સુપરત કરતાં કહ્યું :

આ મારો ફાળો, મારી શક્તિ અને સ્થિતિ પ્રમાણે... કહેતાં એમની આંખો ભીની થઈ ગઈ. આગળ બોલ્યા..

"મારી નજર તો પેલાં વૃક્ષો પર પડે છે, જયાં હું નાનપણમાં આંબલી-પીપળી રમતો હતો. પેલા તળાવની પાળે બેસીને અમે ભાઈબંધો રોજ વાતો કરતા હતા. પેલું... પેલું..."

આગળ ન બોલી શક્યા. ગદ્દગદિત થઈ ગયા. આંખો પુનઃ ભીની થઈ ગઈ. આગળ કંઈ બોલ્યા વિના મોરારજીભાઈ બેસી ગયા. ઉદ્દઘાટન પ્રવચન પુરૂં થયું!

માતૃભૂમિની યાદ અને વતન સાથેની આત્મીયતા કેટલી ઘેરી હોય છે!"

લીંબાભાઈ ટંડેલ સાથે મારી મુલાકાત કટોકટી સમયે જેલમાં થઈ હતી. કટોકટી સમયે હું નવસારી જેલમા ૧ મહિનાની સજા ભોગવી રહ્યો હતો. જુદી જુદી જગ્યાએથી સત્યાગ્રહ કરી અગ્રણીઓને નવસારી જેલમાં રાખવામાં આવતા હતા. ત્યારે નવસારીમા વલસાડ જીલ્લાની સબ જેલ હતી એટલે વલસાડ તરફથી આવતા સત્યાગ્રહીઓ પણ આવતા. મારા જેલના સાથીઓમા વયોવૃધ્ધ અને ભારતની સ્વતંત્રતાની લડાઈમા જેલમા જઈ આવેલા અનેક વ્યક્તિઓ હતા. નવસારીના લાલભાઈ નાયક (ઉ.આ.વ.૮૦), ગણદેવીના માજી ધારાસભ્ય કીકુભાઈ નાયક (ઉ.આ.વ.૮૦) વલસાડથી મગનભાઈ લાલાભાઈ દેસાઈ (માજી જીલ્લા પંચાયત પ્રમુખ) ગિરીશ દેસાઈ (વિદ્યાર્થી આગેવાન અને નવનિર્માણ આંદોલનના મારા સાથી) અને લીંબાભાઈ ટંડેલ (ઉ.આ.વ.૭૦) પણ સત્યાગ્રહ કરીને આવેલા. તેઓના સ્વમુખે સાંભળેલી આ વાત વાચકો સમક્ષ મુકી છે.